**તા.૨૪/૧૨/૨૦૨૨**

# નાગેશ્રી પોલીસ સ્ટેશનના ટીંબી ગામે ઘરફોડ ચોરી કરનાર ઇસમને પકડી, મુદ્દામાલ રીકવર કરી, ઘરફોડ ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.

## ➪ ગુન્હાની વિગતઃ-

સંજયભાઇ અભેસીંગભાઇ યાદવ, ઉ.વ.૨૩, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી વાળા ગઇ તા.૧૫/૧૨/૨૦૨૨ નાં રોજ પોતાના પરીવાર સાથે બહાર ગામ ગયેલ હોય, તા.૧૫/૧૨/૨૦૨૨ નાં કલાક ૦૮/૦૦ થી તા.૧૬/૧૨/૨૦૨૨ નાં કલાક ૧૬/૦૦ દરમ્યાન કોઇ અજાણ્યા ચોર ઇસમે મકાનમાં પ્રવેશ કરી, ગલ્લામાં રાખેલ રોકડા રૂ.૮૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે સંજયભાઇ અભેસીંગભાઇ યાદવએ ફરિયાદ જાહેર કરતા, **નાગેશ્રી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૪૦૨૨૦૪૯૪/ ૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦** મુજબનો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ નોંધાયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** તથા **ઇન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી હરેશ વોરા સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ. શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ કરવા **એલ.સી.બી.ટીમ** દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૨ નાં રોજ નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે નાગેશ્રી બસ સ્ટેન્ડ પાસેથી એક ઇસમને પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ રોકડ રકમ મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ➪ પકડાયેલ આરોપીઃ-

છગનભાઇ અરશીભાઇ કવાડ, ઉં.વ.૫૨, રહે.ટીંબી, હરીકૃષ્ણ હોસ્પીટલ પાછળ, ગાયત્રી સોસાયટી તા.જાફરાબાદ, જિ.અમરેલી.

## ➪ રીકવર થયેલ મુદ્દામાલઃ-

રોકડા **રૂ.૪૦,૫૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા **પો.કોન્સ. વિનુભાઇ બારૈયા, યુવરાજસિંહ વાળા, લીલેશભાઇ બાબરીયા, ગોકળભાઇ કળોતરા,** દ્વારા કરવામાં આવેલ છે.

**તા.૨૪/૧૨/૨૦૨૨**

## નાગેશ્રી પોલીસ સ્ટેશનના મોટા માણસા ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા સાત ઇસમોને કુલ કિં.રૂ.૩૩,૪૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ગઇ કાલ તા.૨૩/૧૨/૨૦૨૨ નાં નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે નાગેશ્રી પોલીસ સ્ટેશનના મોટા માણસા ગામે રોડ તરફ સીમ વિસ્તારમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા સાત ઇસમોને જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, સાતેય ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➡ **પકડાયેલ આરોપીઃ-**

(૧) માંડણભાઇ કાનાભાઇ સોલંકી, ઉ.વ.૩૫, રહે.વડલી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) અબુભાઇ હસનભાઇ મન્સુરી, ઉ.વ.૫૫, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૩) જોગુભાઇ બાપુભાઇ પરમાર, ઉ.વ.૪૨, રહે.ગાંગડા, તા.ઉના, જિ.ગીર સોમનાથ.

(૪) બાવકુભાઇ નનકુભાઇ વરૂ, ઉ.વ.૫૦, રહે.મોટા સાકરીયા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૫) દીલુભાઇ બદરૂભાઇ વરૂ, ઉ.વ.૪૫, રહે.ઘેસપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૬) છોટુભાઇ બાલુભાઇ હસનાણી, ઉ.વ.૪૩, રહે.ગાંગડા, તા.ઉના, જિ.ગીર સોમનાથ.

(૭) કિશોરભાઇ રાણીંગભાઇ વરૂ, ઉ.વ.૫૦, રહે.હેમાળ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

રોકડા રૂ.૩૩,૪૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૩૩,૪૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી વી.વી.ગોહિલ** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. બહાદુરભાઇ વાળા,** તથા **પો.કોન્સ. વિનુભાઇ બારૈયા, યુવરાજસિંહ વાળા, લીલેશભાઇ બાબરીયા, ગોકળભાઇ કળોતરા,** દ્વારા કરવામાં આવેલ છે.